**Seat No. : ______________**

# SK-130

**September-2020**

**B.Ed., Sem.-4**

**B-101 : GUJARATI**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

**સૂચના :** (1) **તમામ** પ્રશ્નો ફરજીયાત છે.
(2) વિકલ્પો આંતરિક છે.
(3) જમણી બાજુના અંક પ્રશ્નોના ગુણ દર્શાવે છે.

**વિભાગ – I**

1. આપેલા પ્રશ્નોના ઉત્તર આપો : (કોઈપણ છ) **(6 × 7 = 42)**

(1) પન્નાલાલ પટેલનું જીવન અને સાહિત્યકાર તરીકે માહિતી આપો. 7

(2) રઘુવીર ચૌધરીના જીવન વિશે માહિતી આપી, 'અમૃતા' કૃતિ વિશે સમજૂતી આપો. 7

(3) રાજેન્દ્ર શાહની સાહિત્ય કૃતિઓ વિશે વિગતે સમજાવો. 7

(4) માતૃભાષા શિક્ષક તરીકે કયા કયા ગુણો હોવા જોઈએ ? 7

(5) સામાન્ય હેતુઓનું વર્ગીકરણ કરી, શૈક્ષણિક હેતુઓનું મહત્ત્વ લખો. 7

(6) સામાન્ય હેતુ અને વિશિષ્ટ હેતુઓનો અર્થ આપી, બંને વચ્ચેનો ભેદ લખો. 7

(7) 'ગુજરાત વિદ્યાસભા' અને 'ગુજરાતી સાહિત્ય સભા' વિશે માહિતી આપો. 7

(8) પાઠ્યપુસ્તકનું મહત્ત્વ જણાવી, પાઠ્યક્રમની રચનાનાં સિદ્ધાંતો જણાવો. 7

(9) ધોરણ-9 ના પાઠ્યપુસ્તકને આંતરિક અને બાહ્ય લક્ષણોને આધારે મૂલવો. 7

(10) 'અલંકાર' શબ્દનો અર્થ જણાવી, નીચેના અલંકાર ઉદાહરણ સાથે સમજાવો : 7
(a) ઉત્પ્રેક્ષા (b) વ્યતિરેક (c) સજીવારોપણ

11. કાવ્ય સમીક્ષાનો અર્થ આપી નીચે આપેલા કાવ્યના આધારે પ્રશ્નોના જવાબ આપો : **7**

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા, મન રે ભોળા આપણા જુદા આંક,
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ.
ઉપરવાળી બેંક બેઠી છે આપણી માલંમાલ
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ.
ધૂળિયે મારગ કૈંક મળે જો આપણા જેવો સાથ,
સુખ દુઃખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ,
ખુલ્લાં ખેતર અડખેપડખે આઘે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું; ક્યાંક આવો છે લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયાં માટે દોડતાં એમાં જીવતાં જોને પ્રેત !
માનવી ભાળી અમથું અમથું આપણું ફોરે વ્હાલ,
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !

**પ્રશ્નો :**

(1) કવિ પાસે શું શું નથી ? એની તેમના મન પર શી અસર છે ?

(2) ઉપરવાળી બેંક કઈ ? તે કઈ રીતે ઉપયોગી થાય છે ?

(3) કવિ શામાં સુખ અનુભવે છે ?

(4) 'સોનાની સાંકડી ગલી' એટલે શું ?

(5) કવિને ધૂળિયો મારગ શા માટે ગમે છે ?

(6) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

12. છંદનો અર્થ આપી, નીચેના છંદ ઉદાહરણ સાથે સમજાવો : **7**

(a) મંદાક્રાન્તા (b) મનહર (c) સવૈયા

## વિભાગ - II

2. નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ **ચાર** પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : **(4 × 2 = 8)**

(1) કાનજી અને જીવી કઈ કૃતિના પાત્રો છે ?

(2) 'ડિમ લાઈટ' એકાંકીના લેખકનું નામ જણાવો.

(3) મૂલ્ય શિક્ષણનો અર્થ જણાવો.

(4) જ્ઞાનાત્મક હેતુનું તૃતીય સ્તર જણાવો.

(5) ભાષા ખંડનું કદ કેટલું રાખવું યોગ્ય ગણાય ?

(6) ભાષા પ્રયોગશાળાના પ્રકારના નામ લખો.

(7) ભાષા શિક્ષણમાં વર્તમાનપત્રોની બે ઉપયોગિતા જણાવો.

(8) ભાષા શિક્ષણમાં ઉપયોગી બે સામયિકોના નામ જણાવો.